# ચ-૨, ચ-૩ અન્ડરપાસને મંજૂરી

**શહેરના ચ-માર્ગ પર બે અન્ડર પાસ બનાવવાની યોજનાને મંજુરી : માર્ગ સલામતી જળવાય અને શહેરની હરિયાળી અને સુંદરતાને ઠેસ ન પહોંચે તે મુજબની પેટર્ન પર અન્ડર પાસ તૈયાર કરાશે : નિતીન પટેલ**

ગાંધીનગર તા ૭

શહેરના ઘ માર્ગ બાદ હાલ ગ માર્ગ પર અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. જયારે હવે ચ માર્ગ પર ચ-૨ અને ચ-૩ જંકશન પર અન્ડર પાસ તૈયાર કરવાની યોજનાને મંજુરી આપી દેવામાં આવી છે. આ બન્ને અન્ડર પાસના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૭૨.૮૦ કરોડનો ખર્ચ કરાશે. શહેરની સુંદરતા અને હરિયાળીને આંચ ન આવે તે મુજબની ડિઝાઈન અને પેટર્ન પર આ અન્ડર પાસ વિકસાવાશે. નાયબ મુખ્યમંત્રીએ આ અન્ડર પાસની કામગીરીને મંજુરી આપી દેતા ટુંકમાં કામ શરૂ કરાશે.

શહેરના ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરી દેવાયો છે જો કે આ અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી આમ નાગરિકોમાં પ્રબળ રોષ છે. જયારે ગ માર્ગ પર અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. શહેરમાં ટ્રાફિકનો ધમધમાટ વધવાની સાથે માર્ગોને અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. સ્માર્ટ સીટીના મુખ્યમાર્ગો પર અન્ડર પાસ તૈયાર કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ગ માર્ગ બાદ હવે ચ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવાની યોજના આખરી થઈ ગઈ છે. ચ માર્ગ પર ચ-૨ અને ચ-૩ જંકશન પર અન્ડર પાસ બનાવવા માટે બજેટમાં જાહેરાત કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ છે કે ગ્રીન સીટીની ઓળખને અસર ન થાય તે મુજબ ચ-૨ અને ચ-૩ જંકશન પર માર્ગ સલામતીને ધ્યાનમાં રાખી અન્ડર પાસ બનાવાની યોજનાને મંજુરી આપવામાં આવી છે. અકસ્માત નિવારવા માટે બે નવી ડીઝાઈનના અન્ડર પાસ તૈયાર કરાયા છે. આ બન્ને અન્ડર પાસ ૪૫૦ મીટરની લંબાઈના બનશે. જયારે તેની પાછળ અંદાજિત રૂ ૭૨.૮૦ કરોડનો ખર્ચ કરાશે. જેમાં મુખ્ય બ્રિજ ૧૦૦ મીટર તેમજ ૧૨૦૦ મીટરની લંબાઈનો રહેશે. અન્ડર પાસની સાથે ૨ કી મીના સર્વિસ રોડનુ પણ નિર્માણ કરાશે. અન્ડર પાસની યોજનાને મંજુરી આપી દેવાતા શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકની અવરજવર સરળ બનશે.

# નવા સેકટરોમાં આજથી ત્રણ દિવસ પાણીનો ફોર્સ ઘટી જશે

**સે-૫ ના પમ્પીંગ સ્ટેશનમાં ક્ષતિ ઉદભવતા પાણી ફોર્સથી સપ્લાય નહી થાય : સે-૩, ન્યુ, સે-૪ થી ૬ અને સે-૧૨ તેમજ સે-૧૩ માં પાણીનો ફોર્સ ઘટી જશે**

ગાંધીનગર તા ૭

શહેરના સે- ૩ થી ૬ તેમજ સે-૧૨ અને સે-૧૩ માં આજથી ત્રણ દિવસ સુધી પાણી ફોર્સથી આવશે નહી સે-૫ ના હેડ વર્કસની પમ્પીંગ મશીનરીમાં ટેકનિકલ ખામી સર્જાતા આ સેકટરોમાં ફોર્સથી પાણી આપી શકાશે નહી. પમ્પીંગ સ્ટેશનની ક્ષતિ દુર થયા બાદ રાબેતા મુજબ પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવશે.

ગાંધીનગરના નવા સેકટરોમાં રહીશોએ આગામી ત્રણ દિવસ પાણીનો વપરાશ વધુ સાવચેતી પુર્વક કરવો પડશે. સેકટરવાસીઓ પાણીનો બગાડ પણ વિશેષ કરે છે. જયારે પાણી વધુ વાપરવા માટે પણ ટેવાયેલા છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો પણ ઉઠતી રહે છે. આ સ્થિતિ વચ્ચે નવા સેકટરોમાં સે-૫ના હેડ વર્કસથી પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે તેના પમ્પીંગ સ્ટેશનની મશીનરીમાં ખામી સર્જાતા સેકટરવાસીઓને પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરી શકાશે નહીં.

પાટનગર યોજના ભવનના પેટા વિભાગ નં -૧૮ ના નાયબ કાર્યપાલક ઈજનેરે આ અંગે જણાંવ્યા મુજબ શહેરના સે-૧ થી ૧૩ માં સે -૯ સરીતા ઉદ્યાન હેડ વર્કસ તેમજ સે-૫ હેડ વર્કસ ખાતેથી પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે સે-૧ થી ૧૩ પૈકી સે-૩ , ન્યુ , ૪, ૫,૬ , સે-૧૨ અને સે-૧૩ માં પીવાના પાણીનો પુરવઠો સે-૫ ના હેડ વર્કસની પમ્પીંગ મશીનરીના આધારે કરવામાં આવે છે. પરંતુ હાલ પમ્પીંગ સ્ટેશનની મશીનરીમાં ટેકનિકલ ખામી ઉદભવતા તા ૮ થી ૧૦ જુલાઈ દરમિયાન ત્રણ દિવસ આ સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય થઈ શકશે નહીં. સેકટરવાસીઓએ આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સહકાર આપવા માટે પણ જણાંવ્યુ છે.

# અમિત શાહ ૧૦મીએ સાંજે અમદાવાદ આવશે

**૧૧ તારીખે ૪ કલાકે સાણંદ એપીએમસીમાં લોકાર્પણ કરશે : સાણંદ-બાવળા તાલુકાના ૨૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા કામોનું લોકાર્પણ કરશે**

ગાંધીનગર,તા.૭

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના ગુજરાત પ્રવાસમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અમિત શાહ તારીખ ૧૦ ના રોજ સાંજે અમદાવાદ આવશે. તેઓ ૧૧ તારીખે બપોરે ૪ કલાકે સાણંદ એપીએમસીમાં લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપશે. તદુપરાંત તેઓ સાણંદ-બાવળા તાલુકાના ૨૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા કામોનું લોકાર્પણ કરશે. અમિત શાહ ૧૭ કરોડના ખર્ચે નિર્માણ પામનારા ૮ કામોનું ખાતમુહૂર્ત કરશે. ત્યાર બાદ ૧૨ તારીખના રોજ સવારે અમિત શાહ જગન્નાથના મંદિરમાં મંગળા આરતીમાં હાજરી આપશે. તેઓ પોતાના પરિવાર સાથે ભગવાન જગન્નાથના દર્શન કરશે.



વૉટર એટીએમની યોજના પડી ભાંગ્યા બાદ આખરે તંત્રએ વિવિધ જગ્યાએ મુકેલા વૉટર એટીએમને હટાવી લેવાયા છે. કલેક્ટર કચેરી પાસેનું વૉટર એટીએમ હટાવી લેવાયા બાદ તેનો ઓટલો નડતરરૂપ બની રહ્યો છે. આ ઓટલો આવતા જતા રાહદારીઓને નડતરરૂપ બની રહ્યો છે.

# ગાંધીનગર ડેપોમાં ડ્રાઈવરની ઘટ વધીને ૧૯ સુધી પહોંચી : બસ સેવા પ્રભાવિત

**ડ્રાઇવરોની નિવૃતિ બાદ ઘટનો પ્રશ્ન વધુ જટીલ બન્યો : નવા ડ્રાઇવરોની ભરતી બાદ સમસ્યા હલ થશે હાલ રીઝર્વ ડ્રાઇવરોના આધારે કામ ચલાવયા છે**

ગાંધીનગર તા ૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં અત્યાર સુધી ૮ ડ્રાઈવરોની ઘટ હતી જે હવે વધીને ૧૯ થઈ છે. થોડા દિવસો અગાઉ ડેપોમાં ફરજ બજાવતા ૧૧ ડ્રાઈવરો નિવૃત થતા ડેપોમાં હાલ શહેરી બસ સેવાના રૂટોનુ સંચાલન કરવાનુ મુશ્કેલ બન્યુ છે. ડ્રાઈવરોની ઘટ ટુંકમાં નિવારવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. હાલ ડેપોના રીઝર્વ ડ્રાઈવરના આધારે કામ ચાલી રહ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો ભારોભાર અભાવ છે. જયારે સલામત સવારીના રૂટમાં પણ હજુ સુધી ફેરફાર ન કરાતા શહેર આસપાસના ગામોમાં એસ ટી ની સેવા પર્યાપ્ત રીતે ઉપલબ્ધ થતી નથી. ડેપોને સ્માર્ટ બનાવાની યોજના પણ વિખેરાઈ ગઈ છે. જેના લીધે ડેપોમાં અવરજવર કરતા મુસાફરોની સલામતી પણ જોખમમાં મુકાઈ છે. ડેપો સંકુલમાં સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય છે. બીજીતરફ વર્ષોના અંતે હવ ડ્રાઈવર કંડકટર તબક્કાવાર નિવૃત થતા ઘટની સમસ્યા પણ વધુ જટીલ બની છે. હાલની સ્થિતિએ એસ ટી ડેપોમાં ડ્રાઈવરની ઘટનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. થોડા દિવસો અગાઉ જ ડેપોમાં ફરજ બજાવતા ૧૧ ડ્રાઈવરો નિવૃત થયા હતા જેના લીધે ડેપોમાં ડ્રાઈવરની ઘટ વધી છે. અગાઉ ડેપોમાં ૮ જેટલા ડ્રાઈવરોની ઘટ હતી જયારે નિવૃતિના અંતે ડ્રાઈવરની ઘટ વધીને ૧૯ થઈ છે. હાલ એસ ટી બસોના સંચાલન માટે ડેપો કક્ષાએથી રીઝર્વ રાખવામાં આવેલા ૮ ડ્રાઈવરના આધારે કામ ચલાવાય છે. આ ડ્રાઈવરોની રજા પણ રદ કરી દેવામાં આવી છે. મોટાભાગના આ બસ ડ્રાઈવર શહેરી બસ સેવાના રૂટમાં ફરજ બજાવતા હોવાથી ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવાના સંચાલનમાં પણ મુશ્કેલી ઉભી થઈ છે. જો કે હાલ સિફટમાં કામ કરતા ડ્રાઈવરોને રજા આપવામાં આવતી નથી બીજીતરફ ડ્રાઈવરોની ઘટ નિવારવા માટે ડેપો કક્ષાએથી ભરતી હાથ ધરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. આગામી દિવસોમાં નિયમ મુજબ ભરતી પ્રક્રીયા પણ હાથ ધરાશે. કોરોના કાળમાં એસ ટી ડેપો દ્વારા હાલ તમામ રૂટમાં બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. હાલ બહારગામના રૂટની બસો પણ

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં વધુ એક બાળકીનું મોત

**ઝાડાના આજે ૮૦ થી વધુ કેસ મળી આવ્યા : ૪૬ જેટલી ટીમો દ્વારા સમગ્ર શહેરમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી**

ગાંધીનગર, તા. ૭

કલોલ શહેરમાં આજે ૮૦ થી વધુ ઝાડાના દર્દીઓ મળી આવતાં આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યુ છે. દરમ્યાન ગઈકાલે ઝાડા-ઉલ્ટીમાં એક બાળકીનું મોત થયાનુ પણ બહાર આવવા પામ્યુ છે.

કલોલના અસરગ્રસ્ત વિસ્તારો ઉપરાંત સમગ્ર શહેરમાં આજે તંત્ર દ્વારા ૪૬ જેટલી ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન ૮૦ થી વધુ ઝાડાના દર્દીઓ મળી આવ્યા હતા.

ગઈકાલે તંત્રએ કલોલ નગરપાલિકા વિસ્તારના ૨ કિ.મી. એરિયાને કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કર્યા બાદ તંત્ર સંપૂર્ણ હરકતમાં આવ્યુ છે. શહેરમાં ગટરોની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે.

આજે પણ વોર્ડ નં. ૫ માં એક પાઈપલાઈનનું લિકેજીસ મળી આવ્યુ હતુ. લિકેજીસ રિપેરીંગની કાર્યવાહી પણ તંત્રએ વેગીલી બનાવી છે આ ઉપરાંત સર્વેલન્સ પણ સઘન બનાવ્યુ છે. અસરગ્રસ્ત વિસ્તારમાં આજે પાણી પુરવઠો ટેન્કર દ્વારા આપવામાં આવ્યો હતો.

કોરોના સંક્રમણમાંથી રાહત મળ્યા બાદ કલોલમાં જે રીતે ઝાડા-ઉલ્ટીના કેસો સામે આવ્યો હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ પાણીજન્ય તેમજ વાહકજન્ય રોગચાળાને લઈ પણ શરૂ કર્યુ છે. આજે ૪૬ જેટલી ટીમો બનાવી સર્વેલન્સ કરવામાં આવ્યુ હતુ. પરિસ્થિતિ પર તંત્ર સતર્ક બની ચાંપતી નજર રાખી રહ્યું છે.

# જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત ૬ નિરાધાર બાળકોને ઓનલાઈન સહાય અપાઈ

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગર ખાતેથી બાળ સેવા યોજનાનું ઓનલાઇન લોન્ચીંગ**




ગાંધીનગર, તા.૭

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર રાજયમાં મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો પ્રારંભ ગાંધીનગર ખાતેથી કરાવ્યો હતો આ યોજના અંતર્ગત કોરોનાની મહામારી દરમિયાન મા-બાપ ગુમાવી નિરાધાર બનેલા ગાંધીનગર જિલ્લાના ૬ બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત પ્રતિ બાળક દીઠ રૂ ૪૦૦૦ની સહાય રાજય સરકાર દ્વારા પુરી પાડવામાં આવશે.

કોરોનાકાળમાં માતા પિતા ગુમાવનાર નિરાધાર બનેલા બાળકોની આધાર બનવાની સંવેદનશીલતા રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દાખવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વવાળી સરકારના ૭ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૨૯ મે જાહેર થયેલ મુખ્યમંત્રી બાળસેવા યોજનાના માત્ર ૩૮ દિવસમાં રાજયવ્યાપી આગવી સંવેદના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રગટ કરી છે.

કોરોનાથી માતા પિતાનું અવસાન થતા નિરાધાર બનેલા, છત્રછાયા ખોઈ ચુકેલા ગાંધીનગર જિલ્લાના ૬ બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત રૂ. ૪૦૦૦ની સહાયનો આજથી આરંભ કરાયો છે. તેમજ ટૂંક સમયમાં જિલ્લાના અન્ય ૬ બાળકોને આ સહાયનો લાભ આપવામાં આવનાર છે.

મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ ૦ થી ૧૮ વર્ષ સુધીની વયના જે બાળકોના માતા-પિતાનું કોરોનાના સમયગાળામાં અવસાન થયું હોય તેવા બાળકોને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય દરમહિને ૪૦૦૦ની સહાય રાજ્ય સરકાર આપશે

જે બાળકને ૧૮ વર્ષ પૂર્ણ થયા પછી પણ અભ્યાસ ચાલુ હશે તેવા બાળકને ૨૧ વર્ષ સુધી આફટર કેર યોજનામાં આવરી લઈ મહિને ૬ હજારની સહાય સરકાર આપશે. ઉચ્ચ અભ્યાસ સાથે જોડાયેલા આવા બાળકો યુવક-યુવતિઓને ૨૪ વર્ષ કે અભ્યાસના વર્ષ પૂર્ણ થાય તેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આફટર કેર યોજનામાં પ્રતિમાસ ૬ હજાર રૂપિયા સહાય મળશે.

આ પ્રસંગે જિલ્લા બાળ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રી નવિનચંદ્રભાઈ સહિત સમીતિના સભ્યો, જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, જિલ્લા સમાજસુરક્ષા અધિકારી શ્રી સંજયભાઈ દેસાઈ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી સંજયભાઈ પટેલ સહિત અગ્રણીઓ અને અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરના ગિયોડમાં કોરોનાનો એક કેસ નોંધોયો

**જિલ્લામાં ૬૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ એક કોરોનાનો નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં સતત ત્રીજા દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામે ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૫૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૯૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ નથી.

જ્યારે ગાંધીનગર શહેરમાં સતત ત્રીજે દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકા ઉપર પહોંચ્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે વધુ ૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં ૮ અને ગ્રામ્યમાં ૫૫ મળી કુલ ૬૩ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જ્યારે ગુજરાતમાં કોરોના વાયરસ પર હવે લગભગ કાબુમાં આવી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણનું કામ પણ જોરોશોરોથી ચાલી રહ્યું છે. કોરોનાથી દર્દીઓના સાજા થવાનાં દરમાં પણ વધારો થઈ રહ્યો છે. સાજાથવાનો દર ૯૮.૫૪ પર પહોંચી ચુક્યો છે. રાજ્યમાં કોરોનાના નવા ૬૫ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૮૯ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધી ૮,૧૧,૯૮૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૧૯૬૯ કેસ એક્ટિવ છે. જે પૈકી ૧૦ લોકો વેન્ટિલેટર પર છે. ૧૯૫૯ લોકો સ્ટેબલ છે. ૮,૧૧,૯૮૮ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

# હવે પીપીઈ કીટ, માસ્ક અને સેનિટાઈઝરના ધંધામાં મંદી

**વેપારીઓને ત્યાં માલનો ભરાવો : કેસ ઘટતા ૩૦૦ રૂપિયાનું સેનીટાઇઝર વેપારીઓ ૧૦૦ રૂપિયામાં વેચવા તૈયાર છે છતાં કોઈ લેવા તૈયાર નથી**

ગાંધીનગર, તા.૭

કોરોનાના કારણે અનેક વેપારીઓએ મંદી અને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હાલ કોરોનાના કેસમાં ઘટાડો થતા કોવિડને લગતી ચીજવસ્તુઓના વેચાણમાં ૯૦ ટકાનો ઘટાડો આવ્યો છે. હજુ કોરોના ગયો નથી અને ત્રીજી લહેરની આશંકાઓ પણ નિષ્ણાત ઓ વ્યક્ત કરી રહ્યા છે તેમ છતાં લોકોમાં જાગૃતિનો અભાવ જોવા મળી રહ્યો છે. જેના પગલે પીપીઈ કીટ, માસ્ક અને સેનિટાઈઝરનું વેચાણ ઘટ્યું છે.

અમદાવાદના વિરાટ નગરમાં પીપીઈ કીટ મેન્યુફેક્ચરિંગનો બિઝનસ કરતા પિન્ટુભાઈ આમ તો તેઓ વર્ષોથી ગારમેન્ટ મેન્યુફેક્ચરિંગ ના ધંધા સાથે સંકળાયેલા છે. પણ જ્યારથી કોરોના શરૂ થતાં બે વર્ષથી ઈ કીટના મેન્યુફેક્ચરિંગ તરફ વળ્યા હતા. જોકે, કોરોનાની બીજી લહેરમાં ઘણા ડોકટર્સ પણ વોર્ડમાં



પીપીઈ કીટ વગર ફરતા હતા. તો હેર સલૂન ચલાવતા વેપારીઓ એ પણ પીપીઈ કિટનો ઉપયોગ કરવાનું છોડી દીધું છે. લોકોમાં જાગૃતિના અભાવે તેઓના પીપીઈ કિટના વેચાણમાં ઘટાડો થયો છે. અને હવે ૯૦ ટકા વેચાણ બંધ થતાં ૩થી સાડા ત્રણ લાખના માલનો ભરાવો થઈ ગયો છે અને હવે તૈયાર થઈ ગયેલી પીપીઈ કીટના માલનો ભરાવો થઈ ગયો છે.

તો આવી જ કંઈક હાલત નિકોલમાં હોલસેલ બિઝનેઝ કરતા અરુણભાઈ ગોહિલની છે. તેઓને ત્યાં પણ પીપીઈ કીટ, માસ્ક, સેનિટાઈઝર, હેન્ડ ગ્લોવ્સ, ઓક્સિમીટર સહિતની ચીજવસ્તુઓના માલનો ભરાવો થઈ ગયો છે. ૩૦૦ રૂપિયાનું સેનીટાઈઝર તેઓ ૧૦૦

● અનુસંધાન પાન-૭ પર

શેડ વેચવાનો છે
મોટા ચિલોડા
40x64 ચો.ફૂટનો
શેડ વેચાણ
આપવાનો છે
મો. ૯૯૭૮૯૫૮૭૮૯

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેકટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com